બળાત્કાર અટકાવવાં સરકાર કરતાં ઘર, શાળા અને સમાજની મોટી ભૂમિકા

વિશ્વમાં બળાત્કારની ઘટનાઓ બનતી જ રહે છે, પણ વિશ્વમાં સામાજિક અને નૈતિક મૂલ્યોમાં ઉચ્ચ સ્થાન, અનન્ય સંસ્કૃતિ ધરવતા ભારતમાં આવી ઘટનાઓ બને છે ત્યારે વધુ આશ્ચર્ય અને દુ:ખ લાગે છે. એવું પણ નથી કે બળાત્કાર જેવી ઘટનાઓ રોકવા માટે સરકાર અને સમાજે પ્રયત્નો કર્યા નથી. આ વર્ષે જ નિર્ભયા કેસના આરોપીઓને ફાંસી આપવામાં આવી. હૈદ્રાબાદમાં પોલીસ એન્કાઉન્ટર અને અન્ય આરોપીઓ સામે કાયદાકીય પગલાં... છતાં એવી ઘટનાઓ અટકતી નથી, જે સાબિત કરે છે કે, બળાત્કારની ઘટનાઓ માત્ર કાયદાથી કે ફાંસીથી કે એન્કાઉન્ટરથી નથી અટકતી. અગાઉ આ કોલમમાં લખ્યું હતું કે, આરોપીઓને ફાંસી આપવાથી બળાત્કારની ઘટનાઓ નહિ અટકે. બને છે પણ એવું જ. આવી ઘટનાઓ બને ત્યારે લોકો સરકાર અને પોલીસને જવાબદાર ઠેરવે છે. પણ સ્વાભાવિક છે કે, ઘટના બને પછી જ પોલીસ અને સરકાર અપરાધીને શોધે અને શિક્ષા કરાવે.. દરરોજ દરેક સેકન્ડે પોલીસ કે સરકાર તમારી સાથે શારીરિક રીતે હાજર નથી રહેવાની કે જેથી ઘટના બનતી હોય ત્યારે છોડાવે. ત્યારે સૌએ સાથે મળીને એવા ઉપાયો કરવા પડશે કે જેથી ઘટના જ ના બને. લોકો ઘટના બને પછી સરકાર કે પોલીસને દોષિત ગણે છે, પણ ઘટના જ ના બને તે માટે કોઈ સૂચન કરતું નથી. સરકાર અને પોલીસ કાયદાની મર્યાદામાં રહીને પ્રયત્ન કરે છે. છતાં ઘટના બને છે અને અપરાધીને શિક્ષા-સજા પણ થાય છે. તો પણ બળાત્કારની ઘટનાઓ કેમ અટકતી નથી? સ્વાર્થ કે ખોટો વિરોધ કરનારને બળાત્કાર અટકાવવા માટે એક-બે વર્ષ સંપૂર્ણ સત્તા આપવામાં આવે તો શું તેઓ બળાત્કાર અટકાવવાની ગેરંટી આપશે?   બળાત્કારની ઘટનાઓ માટેના કારણો અને ઉપાયો જાણીને સાચા અર્થમાં સરકાર અને સમાજે ગંભીરતાપૂર્વક સહિયારા પ્રયત્નો કરવા પડશે. તેમાં પણ સરકાર કરતા ઘર, શાળા-કોલેજો અને સમાજની ભૂમિકા મોટી અને મહત્વની છે.

બળાત્કાર એ માત્ર શારીરિક ઘટના નથી. તે શારીરિક કરતા માનસિક અને પ્રાકૃતિક ઘટના વધુ છે. મેસ્લો નામના મનોવિજ્ઞાનીએ પ્રાણીઓની જરૂરિયાતની શ્રેણી આપેલી છે, જેમાં શારીરિક જરૂરીયાતોને અગ્ર સ્થાને મૂકેલ છે. એટલે કે, દરેક પ્રાણી સૌથી પહેલો પ્રયત્ન તેની શારીરિક જરૂરિયાતો પૂર્ણ કરવા માટે કરે છે. જેમકે ભૂખ, તરસ વગેરે. જેમાં જાતીયસંતોષ પણ શારીરિક જરૂરિયાત છે. વ્યક્તિ પોતાની શારીરિક જરૂરિયાતો પૂર્ણ કરવા માત્ર અગ્રતા આપે છે એટલું જ નહિ, જોખમોની જાણકારી હોવા છતાં તેને અવગણીને જોખમો ખેડે છે. એનો અર્થ એવો નથી કે, વ્યક્તિ પોતાની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે બળાત્કાર કરે તો તેને સ્વીકારી લેવું. ચોર ચોરી કરે છે તો મોજશોખ કરતા શારીરિક જરૂરિયાતો (ખાવાપીવા) અગત્યની હોય છે. તો ચોરીને યોગ્ય ના જ ગણાય. પણ જો સમાજમાં દરેક વ્યક્તિને શારીરિક જરૂરિયાતની સાથે અન્ય જરૂરિયાતો પૂર્ણ થાય તેવી વ્યવસ્થા હોય તો ચોરી કે અન્ય અપરાધો અટકી જાય. સાથે પોતાની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે બીજા પાસેથી કશું છીનવી ના લેવાય, બીજા પર હુમલો કરીને કે બીજાને નુકશાન પહોંચાડીને પોતાની જરૂરિયાતો પૂર્ણ ના જ કરાય તેવી જ્ઞાન સાથેની સમજ દરેક વ્યક્તિમાં હોવી આવશ્યક છે. જો આ જ્ઞાન અને સમજ હશે તો સમાજમાં બનતા અપરાધોમાં ઘટાડો આવે જ. માત્ર કાયદાના ડરથી એ નહિ આવે. જો કાયદાના ડરથી અપરાધો બંધ થવાના હોત તો અત્યારે દરેક અપરાધ સામે કાયદો અને શિક્ષા છે જ. છતાં અપરાધો બનતા રહે છે. તો ત્યાં કાયદાના હાથ ટૂંકા પડે છે. હા, કાયદો અપરાધોને અટકાવવામાં કેટલાક અંશે મદદરૂપ થઇ શકે, પણ સંપૂર્ણ બંધ કરવા માટે કાયદાની સાથે બીજા ઘણાં ઉપાયો કરવા જ પડે.

આપણા દેશમાં બળાત્કાર જેવા અપરાધ કરનાર માટે પૂરતા અને સખત કાયદા છે. સરકાર કે પોલીસ કે ન્યાયાલયો પોતાની ફરજ બજાવે જ છે. છતાં આવી ઘટનાઓ બનતી જ રહે છે. તો તેનો અર્થ એવો થાય કે, કાયદા કે પોલીસ કે ન્યાયાલયો દ્વારા થતા પ્રયત્નો પૂરતા નથી. હજુ વધુ પ્રયત્નો કરવા પડશે. તો પ્રશ્ન એ થાય કે, આ પ્રયત્નો કોણે કરવાના ? તો ચોક્કસ પણે કહી શકાય કે, એ પ્રયત્નો ઘર, શાળા-કોલેજ અને

સમાજે કરવા પડશે. બળાત્કાર જેવી ઘટનાઓ બનવા પાછળ સૌથી વધારે જવાબદાર જો કોઈ હોય તો તે સમાજ અને તેના અંગો છે. આપણા સમજે એવું શું આપ્યું છે કે નથી આપ્યું જેના કારણે આવી ઘટનાઓ બને છે? બાળકને નાનપણથી જ ઘરમાં સારા સંસ્કાર અને સલાહ કે જ્ઞાન કે સમજ વાલી દ્વારા આપવામાં આવતી નથી. ઘરમાં નાની નાની વાતોમાં વાલી તરફથી જુઠ્ઠાણું સાંભળવા મળતું હોય, વાલી દ્વારા જ બાળક સામે જ નાના કાયદાનો ભંગ કરવામાં આવતો હોય, ત્યારે આવા વાતાવરણમાંથી બાળક શું શીખશે? હકીકતમાં વાલીએ બાળકની સામે આદર્શ વાતાવરણ પૂરું પાડવું જોઈએ. નાની નાની બાબતો કે વાતમાં સાચું અને સારું શું તે શીખવવું જોઈએ. જે માટે બિઝી બનેલા વાલી પાસે સમય અને ઈચ્છા શક્તિનો અભાવ છે. હા, કોઈ દલીલ કરી શકે કે, વાલી એવું ક્યાં શીખવે છે કે ખોટું કરવું જોઈએ. હા, એવું નથી શીખવતા, પણ એવું પણ ક્યાં શીખવે છે કે શું ખોટું છે અને શું સારું છે? એવું પણ ક્યાં શીખવે છે કે આ કરાય અને આ ના કરાય? અને શીખવવું કે જ્ઞાન આપવું એટલું જ પુરતું નથી, તે માટે આગ્રહ રાખવો અને કરાવવા માટેની મથામણ કરવી એ અગત્યનું છે. ટૂંકમાં, આજે ઘણાંબધા વાલી પોતાના બાળકોમાં નાનપણથી જ ઉચ્ચ સંસ્કાર, ઉચ્ચ મૂલ્યો, ઉચ્ચ સમજ આપવામાં નિષ્ફળ રહે છે. ત્યારે અણસમજ કે મૂલ્યો વિહીન તે બાળક જયારે સમાજમાં આવે છે અને સ્વતંત્ર નિર્ણય લે છે ત્યારે તે સમાજમાં ખોટું કરતા અચકાતો નથી.

ઘર પછી બીજી જવાબદારી આવે છે શાળા-કોલેજની. આજનું બાળક ઘરમાંથી અને શાળા-કોલેજમાંથી મળેલ જ્ઞાન, સંસ્કાર અને મૂલ્યો સાથે સમાજમાં આવે છે. તો શાળા-કોલેજો દ્વારા પણ જોઈએ તેટલા પ્રમાણમાં સંસ્કાર અને મૂલ્યોનું સિંચન નથી થતું. શાળા-કોલેજોમાં પુસ્તકિયા જ્ઞાન સાથે આપવાનું બીજું જ્ઞાન કે સમજ નથી જ આપવામાં આવતી. ધારો કે, પાઠ્યપુસ્તકમાં અપરાધ કે ગૂન્હા કે નિયમો-કાયદાઓ માટે કોઈ એક પાઠ છે. તે પાઠનું વિષયવસ્તુ શિક્ષક વર્ગમાં પીરસે છે અને પરીક્ષામાં પ્રશ્નો પૂછીને વિદ્યાર્થીનું જ્ઞાન ચકાસવામાં આવે છે. આમ તે પાઠ માત્ર પરીક્ષામાં માર્ક્સ મેળવવા માટેનું સાધન જ બની જાય છે. હકીકતમાં તે વિષયવસ્તુના જ્ઞાનની સાથે સમજ વિકસાવીને વિદ્યાર્થીઓમાં એવી નિષ્ઠા ઊભી કરવાની હોય કે જેથી વિદ્યાર્થી ભવિષ્યમાં અમુક બાબતોનું પાલન કરે જ અને અમુક બાબતોનું પાલન ના જ કરે. આવી નિષ્ઠા ઊભી કરીને બાળકના વર્તન અને વિચારમાં પરિવર્તન લાવવામાં આજે શાળા-કોલેજો નિષ્ફળ રહ્યાં છે. વિદ્યાર્થીઓની માન્યતાઓ બદલવામાં શાળા-કોલેજે આદર્શ ઉદાહરણો પૂરાં પાડવા જોઈએ. પોતાની જરૂરિયાત સાથે સમાધાન કરવા અને મનને મક્કમ બનાવવા માટે શાળા-કોલેજોમાં પાઠ્યપુસ્તક સિવાયની પ્રવૃત્તિઓ થવી જોઈએ.

ઘર, શાળા-કોલેજો પછી જવાબદારી આવે છે સમાજની. મનુષ્ય સામાજિક પ્રાણી ગણાય છે. તે સમાજ વગર જીવી શકતો નથી. ત્યારે સમાજે પણ ઇરાદાપૂર્વક એવા કેટલાક પ્રયત્નો કરવા જોઈએ કે, જેથી કોઈપણ વ્યક્તિ સમજે અપનાવેલ નીતિનિયમોને આદર આપે અને તેનું પાલન કરે. આ માટે સમાજમાં વિવિધ પ્રકારના કાર્યક્રમો તો થવા જ જોઈએ, પણ આદર્શ ઉદાહરણો પણ પૂરાં પાડવા જોઈએ. તે માટે સામાજિક સંસ્થાઓ ઘણું કરી શકે. જેમાં સેવાભાવી સંસ્થાઓ, મંદિરો અને હોસ્પિટલોએ પણ પોતાનો ફાળો આપવો જોઈએ.

અંતે, એવું ચોક્કસ પણે કહી શકાય કે, વ્યક્તિનું માનસ જ્યાં સુધી નહિ બદલાય ત્યાં સુધી ચોક્કસ પ્રકારના અપરાધો બનતા જ રહેશે. માનસ બદલવા માટે કાયદા કરતાં સંસ્કાર વધુ મહત્વના સાબિત થઇ શકે. જે માટે ઘર, શાળા-કોલેજો અને સમાજે સાથે મળીને પ્રયત્નો કરવા જોઈએ. જેમાં સરકારે જરૂરી સગવડતાઓ કે પ્રોત્સાહન આપવું જોઈએ.

અશોકી : વ્યક્તિ ખોટું કરે, પછી તેને કાયદા દ્વારા શિક્ષા આપવી તેના કરતાં વ્યક્તિ ખોટું જ ના કરે તે માટેની સમજ આપવી વધુ ડહાપણભર્યું કહેવાય. આ કામ સંસ્કાર સ્વરૂપે નાની ઉંમરથી જ કરવામાં આવે તો વધુ સફળતા મળે.